પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૧ | ૨ જાન્યુઆરી, ૨૦૨૦, ગુરૂવાર; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નવા વર્ષના પ્રારંભે મોંઘવારીની ભેટ

**રેલ્વે પ્રવાસ બાદ હવે રાંધણ ગેસ પણ મોંઘો : કોમર્શીયલ સીલીન્ડર પર રૂ. ૨૯.૫૦ રૂપિયાનો વધારો : નોન-સબસીડીવાળા રાંધણ ગેસનો નવો ભાવ દિલ્હીમાં રૂ.૭૧૪ : નવી કિંમત પ્રમાણે કોલકાતામાં રૂ. ૭૪૭ મુંબઇમાં, રૂ. ૬૮૪ તેમજ ચેન્નાઇમાં નવો ભાવ હવે રૂ.૭૩૪ : ૧૦૦૦કિ.મી.ની મુસાફરીએ સામાન્ય વર્ગના ભાડામાં ૧૦નો વધારો : રેલવેની દર વર્ષે ૪ હજાર કરોડની આવક વધશે**



ન્યુ દિલ્હી,તા.૧


બુધવારથી શરૂ થયેલા ઈશુના નવા વર્ષ ૨૦૨૦ના પ્રથમ દિવસથી દેશના નાગરિકો ખાસ કરીને ઉપભોક્તા પર વધુ આર્થિક બોજ લાદવામાં આવ્યો હોય તેમ એક તરફ રેલવે દ્વારા ઝીંકાયેલા ભાડાના દરમાં વધારાનો અમલ શરૂ થયો છે ત્યાં બીજી તરફ કેન્દ્ર સરકાર હસ્તકની ઓઈલ કંપનીએ સબસીડી વગરના રાંધણ ગેસના ભાવમાં ૧૯ રૂપિયાનો વધારો ઝીંકીને વધતી મોંઘવારીમાં પટ્યા પર પાટુ જેવું પગલુ ભર્યું હતું. અને નવા વર્ષની "ભેટ" આપી હતી.તે સાથે દિલ્હીમાં સબસીડી વગરનો રાંધણ ગેસ હવે રૂ.૬૯૫ને બદલે ૭૧૪ રૂપિયામાં પડશે. ઓઈલ કપની દ્વારા રાંધણ ગેસના ભાવમાં સતત પાંચમા મહિને વધારો કર્યો છે. નોંધનીય છે કે બુધવારથી રેલવેના ભાડામાં પણ પ્રતિ કિ.મી. ૧ પૈસાથી લઈને ૪ પૈસાનો વધારો ઝીંકવામાં આવ્યો છે.

અહેવાલ અનુસાર, રસોઇ ગેસ ઉપભોકતાઓ પર નવા વર્ષના પહેલા જ દિવસે મોંઘવારીનો માર પડયો છે. રસોઈ ગેસ સીલીન્ડર ફરીથી મોંઘો થઈ ગયો છે. ઓઈલ કંપનનીઓ દ્વારા સતત પાંચમાં મહીને રાંધણ ગેસ

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર ભારતમાં ધુમ્મસની ચાદર છવાતા વિમાની સેવા ખોરવાઈ

**ઘણી ફ્લાઈટને રદ કરવાની ફરજ : ટ્રેન સેવા પર સીધી અસર થઇ : રાજસ્થાન, પંજાબ, યુપી, હરિયાણા ઠંડાગાર**



નવી દિલ્હી,તા. ૧

સમગ્ર ઉત્તર ભારતમાં આજે પણ તીવ્ર ઠંડીનુ મોજુ રહ્યુ હતુ. વિવિધ શહેરોમાં પારો શુન્ય સુધી પહોંચી ગયો છે. કાતિલ ઠંડીના કારણે જનજીવન ખોરવાઇ ગયુ છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે નવા વર્ષનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ધુમ્મસની સ્થિતીના કારણે વિમાની અને ટ્રેન સેવાને અસર થઈ હતી. દિલ્હી વિમાનીમથકે વિઝિબિલિટી ઘટી જવાના કારણે એક સ્થાનિક ફ્લાઈટને રદ કરવાની ફરજ પડી હતી. જ્યારે પાંચ સ્થાનિક અને સાત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં વિલંબ થયો હતો. આવી સ્થિતીમાં મોટી સંખ્યામાં વિમાની યાત્રીઓને ઠંડીમાં વિમાનીમથકે રાહ જોવાની ફરજ પડી હત. કુલ ૨૨૦ ફ્લાઈટોને અસર થઈ હતી. ધુમ્મસની સ્થિતી હાલમાં અકબંધ રહે તેવી શક્યતા છે. સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ધુમ્મસ અને ઠંડીના કારણે હાઈવે પર કેટલાક અકસ્માતો પણ થયા છે.

## સેંસેક્સમાં નજીવો સુધારો નોંધાયો

મુંબઈ, તા. ૧

શેરબજારમાં રિકવરી જોવા મળી હતી. કેલેન્ડર વર્ષ ૨૦૨૦ના પ્રથમ દિવસે શેરબજાર સાથે જોડાયેલા કારોબારીઓ સાવધાન રહ્યા હતા. આજે બીએસઈ સેંસેક્સ ૫૨ પોઈન્ટ સુધરીને ૪૧૩૦૬ની ઉંચી સપાટીએ રહ્યો હતો. જ્યારે બ્રોડર નિફ્ટી ૨૧ પોઈન્ટ સુધરીને ૧૨૧૯૦ની સપાટીએ રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં આશરે ૦.૫ ટકાનો વધારો થયો હતો.

# કાશ્મીરમાં ત્રાસવાદી હુમલો

**સર્ચ ઓપરેશનમાં છુપાયેલા ત્રાસવાદીનો હુમલો : બે જવાનો શહીદ**

જમ્મુ, તા. ૧

જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં અંકુશ રેખા પર ભારે સશસ્ત્ર ત્રાસવાદીઓની ઘુસણખોરીને નિષ્ફળ બનાવી દેવામાં આવી છે. જો કે આ ગાળા દરમિયાન ઘુસી ગયેલા ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા છુપા હુમલામાં બે જવાન શહીદ થયા હતા. જો કે ત્રાસવાદીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. બાતમી મળ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન છુપાયેલા ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. ખારી વન્ય વિસ્તારમાં ત્રાસવાદીઓ ઘુસી ગયા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ ભારતીય સેનાએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. શંકાસ્પદ ત્રાસવાદીઓની ઘુસણખોરી અંગે માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. સર્ચ ઓપરેશન વેળા ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. જેમાં બે શહીદ થયા હતા. પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરીનો અવિરતરીતે ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૯ત્રાસવાદી સામે જોરદાર કાર્યવાહી જારી રહી હતી. ઓપરેશન ઓલઆઉટના કારણે છેલ્લા વર્ષમાં ૧૬૦ ત્રાસવાદીઓ ઠાર થયાહતા. સાથેસાથે ૧૦૨ ત્રાસવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાંથી

## તિહાર જેલમાં ફાંસી માટે ૩ નવા તખ્તા તૈયાર કરાયા

**એક સાથે ચાર દોષિતોને ફાંસી આપવામાં આવશે**

નવી દિલ્હી,તા.૧

તિહાર જેલમાં હવે એકસાથે ચાર દોષિતોને ફાંસી આપી શકાશે. હજુ સુધી અહીં ફાંસી માટે એક તખ્તો હતો પરંતુ હવે તેની સંખ્યા વધારીને ચાર કરી દેવામાં આવી છે. પીડબલ્યુડી દ્વારા આ કામગીરીને સોમવારના દિવસે પૂર્ણ કરી દેવામાં આવી હતી. ફાંસી માટેના ત્રણેય નવા હેંગર પણ એજ જ જેલ નંબર-૩માં તૈયાર કરવામાં આવ્યા છે જ્યાં પહેલાથી જ એક હેન્ગર છે. હવે તિહાર દેશમાં એવી પ્રથમ જેલ બની ગઇ છે જેમાં એક સાથે ચાર ફાંસીના તખ્તા થઈ ગયા છે. તિહાર જેલના સુત્રોએ કહ્યુ છે કે આ કામને પૂર્ણ કરવા માટે જેલની અંદર જેસીબી મશીન લઈ જવામાં આવી હતી. કારણ કે ત્રણ નવા ફાંસીના તખ્તા તૈયાર કરવા માટે કેટલાક પગલા જરૂરી હતા. ફાંસીના તખ્તા બનાવવા માટે તેની નીચે એક સુરંગ પણ બનાવવામાં આવે છે. આ સુરંગ અથવા તો ટનેલના માધ્યમથી ફાંસી બાદ મૃત કેદીને બહાર કાઢવામાં આવે છે. ત્રણ નવા ફાંસીના તખ્તાની સાથે જ જુના ફંદાને પણ બદલી દઈને નવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેલના સુત્રોનું કહેવુ છે કે, ફાંસીના ત્રણ ફંદા નિભર્યા ગેગરેપ બાદ જેલમાં રહેલા ચાર કેદીઓને ફાંસી આપવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ ચારના મામલામાં નવેસરની વિગત જેલ વહીવટી તંત્ર કોર્ટને આપનાર છે. છઠ્ઠી જાન્યુઆરીના દિવસે કોર્ટની કામગીરી શરૂ થવા જઈ રહી છે. તમામ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ નિર્ભયા ગેંગરેપના ચાર અપરાધીઓ અંગે અંતિમ નિર્ણય કરવામાં આવશે. હાલમાં નિર્ભયા ગેંગરેપના ચાર કેદીઓને તિહારની જેલ નંબર-૨ અને ચારમાં રાખવામાં આવ્યા છે. જ્યારે ફાંસી પર લટકાવવાની તમામ કાયદાકીય પૂર્ણ કરી લેવામાં આવશે ત્યાર બાદ કોર્ટ દ્વારા બ્લેક વોરંટ જારી કરવામાં આવશે.

# ચંદ્રયાન-૩ અને ગગનયાનને મંજુરી

**અંતરિક્ષ વિજ્ઞાન દ્વારા લોકોના જીવનને સરળ બનાવવાના પ્રયાસો : ગગનયાન માટે અંતરિક્ષ યાત્રીની ઓળખ થઈ : ઈસરોના વડા કે. સિવન**



બેંગ્લોર, તા. ૧

ઈસરોના વડા કે સિવને નવા વર્ષના પ્રસંગે દેશવાસીઓની સામે આ વર્ષમાં લક્ષ્ય અને યોજનાઓને રજુ કરી હતી. વર્ષ ૨૦૨૦માં ગગનયાન અને ચંદ્રયાન-૩ મિશનની માહિતી આપી હતી. આની સાથે સાથે ઈસરોના વડાએ કહ્યું હતુ કે, અંતરિક્સ વિજ્ઞાન મારફતે અમારા પ્રયાસ દેશવાસીઓના જીવનને વધારે સરળ અને સાનુકુળ બનાવવાનો રહેલો છે. ઈસરો પ્રમુખે કહ્યું હતુ કે, બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે મોટાભાગના તૈયારી ૨૦૧૯માં જ કરી લેવામાં આવી હતી. સિવને કહ્યું હતુ કે, ગગનયાન મિશન માટે ચાર અંતરિક્ષ યાત્રીઓની ઓળખ કરી લેવામાં આવી છે. જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં ટ્રેનિંગ આપવામાં આવશે. તેમણે કહ્યું હતુ કે, ગગનયાન માટે નેશનલ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવી ચુકી છે. ઈસરો વડાએ મહત્વપૂર્ણ જાહેરાત પણ કરી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, ચંદ્રયાન-૩ પ્રોજેક્ટને મંજુરી મળી ગઈ છે. આના પર કામ શરૂ કરવામાં આવી ચુક્યું છે. તેમણે કહ્યું હતું કે, પ્રોજેક્ટ પર કામ શરૂ થઈ ચુક્યું છે. ચંદ્રયાન-૩ પ્રોજેક્ટને મંજુરી મળી ગયા બાદ આ દિશામાં પહેલ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોનફિગરેસન ચંદ્રયાન-૨ની જેમ રહેશે. આમા લેન્ડર અને રોવર પણ રહેશે. ઈસરોના ચંદ્રયાન-૨ મિશનની

● અનુસંધાન પાન-૭ પર

## રાજકારણથી દૂર રહી, સરકારના આદેશનું પાલન કરીએ છીએ : બિપીન રાવત

**બિપિન રાવત દેશના પ્રથમ ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ બન્યા : બિપિન રાવતને ત્રણેય સેનાઓ તરફથી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યો, આર્મી ચીફ નરવણેએ નેશનલ વાર મેમોરિયલ ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપી**



ન્યુ દિલ્હી,તા.૧

ભૂતપૂર્વ લશ્કરી વડા જનરલ બિપીન રાવતે બુધવારથી દેશના સંરક્ષણની ત્રણેય પાંખ—ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળના સંયુક્ત વડા તરીકેનો હોદો સંભાળ્યો. જનરલ બિપીન રાવત બુધવારથી દેશના પ્રથમ ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ બની ગયા છે. રાષ્ટ્રીય પાટનગરમાં રાષ્ટ્રીય શહીદ સ્મારક ખાતે એમને સેનાની ત્રણેય પાંખ તરફથી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને સીડીએસ જનરલ રાવતે એ સમ્માનનું અભિવાદન કર્યું હતું.

પત્રકારો સાથેની વાતચીતમાં જનરલ રાવતે કહ્યું કે, સીડીએસ સેનાની ત્રણેય પાંખ પર નિયંત્રણ રાખશે, ત્રણેય પાંખ સાથે એ નિષ્પક્ષ રહેશે. અમે ત્રણેય સેનાને જોડીને ત્રણ નહીં, પણ પાંચ કે સાત બનાવીશું. સીડીએસને આ કામગીરી સોંપવામાં આવી છે. અમે એક ટીમ તરીકે કામ કરીશું અને ત્રણેય સેના સાથે મળીને કામગીરી બજાવે એનું ધ્યાન રાખીશું. જનરલ રાવતે કહ્યું કે, મને એક મહત્વપૂર્ણ કામગીરી સોંપવામાં આવી છે. ત્રણેય સેનાઓએ સાથે મળીને કામ કરવાનું છે. અમે એક એવી ટીમની જેમ કામ કરીશું જે ૧+૧+૧+ બરાબર ૩ નહીં, પણ ૫ અને ૭ હશે.'

## નવા વર્ષના પ્રારંભે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૧

સોના ચાંદી ખરીદનારા લોકો માટે વર્ષ ૨૦૨૦નો પ્રથમ દિવસ ખુશખબરી લઈને આવ્યો છે. રૂપિયામાં મજબૂતીના કારણે વર્ષના પ્રથમ દિવસે એટલે કે , ૧ જાન્યુઆરીએ સોનાની કિંમતોમાં મોટો ઘટાડો નોંધાયો છે. બુધવારે દિલ્હીના સર્રાફા બજારમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧૩૧ રૂપિયા ઘટ્યો છે. સોનાની જેમ જ ચાંદીમાં પણ ઘટાડો રહ્યો. એક કિલોગ્રામ ચાંદીનો ભાવ ૫૯૦ રૂપિયા ઘટી ગયો છે.

સોનાની નવી કિંમત - બુધવારે સર્રાફા બજારમાં ૩૯,૯૪૯ રૂપિયાથી ઘટીને ૩૯,૮૧૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે.

ચાંદીના નવા ભાવ - સોનાની જેમ ચાંદીની કિંમત પણ ઘટી છે. એક કિલોગ્રામ ચાંદીનો ભાવ ૪૮,૨૪૫ રૂપિયાથી ઘટી ૪૭,૬૫૫ રૂપિયા થઈ ગયો છે. ડોલરના મુકાબલે રૂપિયો ૬ પૈસા મજબૂત થયો. રૂપિયામાં મજબુતાઈના કારણે સોનાનો ભાવ નબળો રહ્યો.

## ન્યુઝ ટ્રેક

**ઉત્તરપ્રદેશમાં જાણીતા ભજનીકની હત્યા**

ઉત્તરપ્રદેશના શામલીમાં ઈન્ટરનેશનલ સિંગર અજય પાઠકની અને તેના પરીવારની કરપીણ હત્યા કરી દેવાઈ છે. તેમનો ૧૦ વર્ષીય દીકરો રહસ્યમય રીતે ગુમ થયો છે.

**ક્રિકેટર હાર્દિક પંડયાના એન્ગેજમેન્ટ**

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલ રાઉન્ડર હાર્દિક પંડયાએ સર્બિયાઈ એક્ટ્રેસ નતાશા સ્ટેન કોવિક સાથે સગાઈ કરી લીધી છે.

**માલ્યાની સંપત્તિ વેચવા નિર્ણય**

પ્રિવેન્શનલ ઓફ મની લોન્ડરીંગ એકટ (પીએમએલએ)ની સ્પેશિયલ કોર્ટે એસબીઆઈ અને અન્ય બેંકોને વિજય માલ્યાની જપ્ત સંપત્તિ વેચીને ધિરાણની રકમ વસુલવાની મંજૂરી આપી છે. નવ હજાર કરોડની લોન ન ચૂકવવાના મામલે બ્રિટનમાં માલ્યા સામે કેસ ચાલી રહ્યો છે.

## કાશ્મીરમાં હૉસ્પિટલોમાં ઈન્ટરનેટ અને એસએમએસ સેવા શરૂ કરાઈ



શ્રીનગર,તા.૧

જમ્મુ કશ્મીરને ૨૦૨૦ના નવા વર્ષની ભેટ મળી હતી. મંગળવાર મધરાતથી એસએમએસ અને ઈન્ટરનેટ સેવા ફરી શરૂ કરાઈ હતી. ૨૦૧૯ના ઑગસ્ટની પાંચમીએ કેન્દ્ર સરકારે જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ કરી ત્યારથી જમ્મુ કશ્મીરમાં સંદેશ વ્યવહારની લગભગ બધી સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. ખોટી અને ઉશ્કેરણીજનક અફવાઓ ફેલાતી અટકાવવા આ પગલું લેવામાં આવ્યું હતું.

જો કે ક્રમશઃ લેન્ડલાઈન ટેલિફોન વગેરે સેવાઓ ધીમે ધીમે ફરી શરૂ કરાઇ હતી. પરંતુ ઈન્ટરનેટ અને એસએમએસ સેવા ગઈ કાલ સુધી બંધ હતી. આ બંને સેવાઓ મંગળવાર મધરાતથી ફરી શરૂ કરી દેવામાં આવી હતી.

જમ્મુ કશ્મીરના મુખ્ય સચિવ રોહિત કંસલે મિડિયા સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે રાજ્યની તમામ હૉસ્પિટલોમાં મંગળવાર મધરાતથી એસએમએસ અને ઈન્ટરનેટ સેવાઓ શરૂ કરી દેવામાં આવી હતી. ટૂંક સમયમાં સ્કૂલોમાં પણ બ્રોડબેન્ડ સેવા શરૂ કરી દેવાની સરકારની યોજના છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225